સાલ : ૨૩ / સિલસિલાવાર નંબર : ૧૮૯ / શુમારો : ૩ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ફુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદીયુલ ઊલા - જુમાદીયુલ ઉખરા ૧૪૪૭ / નવેમ્બર - ડિસેમ્બર ૨૦૨૫

# બહેતરીન રોઝી – અપની ઝબાન

"મુજાહેદીન", જેહાદ કરનારાઓ અને "મુત્તકીન", તકવા રાખનારાઓ અલ્લાહતઆલાની નઝરમાં ઘની જ બલંદ મંઝેલત અને આઅલા ફઝીલત રાખેચ. આ બેવે ગિરોહના સાહેબો "મુહાજેરીન", હિજરત કરનારાઓ અને "શોહદા", શહાદત હાસિલ કરનારાઓની મિસિલ છે. આ તમામ લોગો વાસ્તે ખાસુલ ખાસ જઝા છે અને તે છે **" રિઝકે હસન "** અને **" દારૂલ ખુલ્દ "**, હમેશાની જન્નત.

એક દિન અસ્હાબે કિરામે રસૂલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ ! જંગ-જેહાદમાં કત્લ થાનાર, પોતાની નફસને કુરબાન કરી દેનાર સાહેબોને અલ્લાહતઆલાએ જે શરફ-દરજો બખ્શેલોચ તે હમેં જાનીએચ. એમની આ નાયાબ કુરબાનીના બદલામાં સું સું નેઅમતો આખેરતમાં હાસિલ કરસે તેનાસી હમેં માહિતગાર છે. હાલાંકે હમેં કત્લ નથી થયા મગર એ શોહદા સાથે મિલીને જેહાદ કરનાર છે, તો હમેં જે વક્ત આ દુનિયામાંથી જઈસું અને આપના દીદારસી શરફયાબ થઈસું તો હમને કયો દરજો મિલસે ?

નબી સાહેબે ફરમાવું કે, અલ્લાહતઆલા તમેં સઘલાને રિઝકે હસન અને રિઝકે કરીમ અતા કરસે. આ રિઝકની ઝિક્ર કુરઆને કરીમમાં ૮૧ મકામ પર આવીચ. ઘની જગાઓ પર રિઝકની માઅના જન્નતની થાય છે. બેશક ! જન્નતનું રિઝક જ રિઝકે હસન અને રિઝકે કરીમ છે. યાઅની કે, કરામતવાલી ખૂબસૂરતમાં ખૂબસૂરત રોઝી. બીજા મકામાત પર મુખ્તલિફ રોઝી-રિઝકની ઝિક્રે ખાસ છે. મિસાલના તૌર પર જન્નતી ફલોનું રિઝક, હલાલ ખાવા-પીવાનું રિઝક, પાકીઝા ચીઝો જે મુમિન વાસ્તે ખૈરો ખૂબીવાલી હોય તેનું રિઝક, ઈમાનના દરજાતનું રિઝક, મુલ્ક-મિલકીયતનું રિઝક, અઝવાજ-ઔલાદનું રિઝક, યતીમો-રાહગીરો-કૈદીઓ-મિસ્કીનો-કર્ઝદારો-બેવાઓની ઈમ્દાદનું રિઝક, માએદહ-જમન-દાઅવતનું રિઝક, જન્નતની નેઅમતો અને તેના સાહેબોનું રિઝક, મન્ન-સલવાનું રિઝક, મકાન-મસ્કન-મહેલ્લનું રિઝક, અલ્લાહતઆલાની ખુલ્લી નિશાનીઓ-બૈયેનહ-ઈસ્લાહ-ઊમૂરમાં બહેતરીનું રિઝક, દીને હક્ક અને તેના અરકાનની બરકતોનું રિઝક, ઈલ્મો અમલનું રિઝક, શુક્રગુઝારી અને અહેસાનમંદીનું રિઝક, બારિશ અને રહેમતે ખુદાવંદીનું રિઝક, નિકાહનું રિઝક વગૈરહ-વગૈરહ. આ તમામ અરઝાકની ઝિક્ર કુરઆને કરીમમાં છે. તેની ફહેરિસ્ત ખૂબ લંબી છે.

સું ઈમ છે કે, મુમેનીન વાસ્તે જ રિઝક છે. ના ! કાફેરીન વાસ્તે પન છે. **મુમેનીન વાસ્તે સવાબના તૌર પર રિઝક છે અને કાફેરીન વાસ્તે અઝાબના તૌર પર રિઝક છે.** મિસાલના તૌર પર ગિસલીન, ઝક્કુમ, ઝરીઅ, સદીદ, બદબૂ, અંધારૂં, નાપાકી, નુહૂસત, બેવફાઈ, તુગયાની, ફિત્નો, શિર્ક, જૂઠ, ગુસ્સો, ઝિલ્લત, તકઝીબ, તકફીર, ખૌફ, નાપાક જમન, હરામની દૌલત, બેશરમી, ઝિના, શરાબ, બેપરદગી, બુઝુર્ગોની બેઈઝઝતી, ઘરની બેકરારી, બદતહેઝીબી, બદકલામી, ગાલીગલોચ, કત્લ, વગૈરહ-વગૈરહ. આની પન ફહેરિસ્ત ઘની તવીલ-લંબી છે. જિમ મુમેનીન ખૈર-ખસલતોસી પુર છે, તિમ કાફેરીન શર-આદતોસી પુર છે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**જે શખ્સ ચુગલખોરની વાત માનશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

(પેજ નં. ૧ નું બાકી)

દોઆતે કિરામ (રિ.અ.) તરફસી બયાન આવેલુચ કે, ૫૧ આદતો-ખસલતો હિવી છે કે, જેને **" મવાનેઉર રિઝક "** કહેવાઇચ. યાઅની કે, જેનાસી રિઝક તંગ થઇ જાઇચ અને તેનાસી અલ્લાહતઆલાનો ગુસ્સો ઉતરેચ :

(૧) અલ્લાહતઆલાની ઝિક્ર, તસ્બીહ, તકબીરસી ગફલત કરવી.
(૨) નમાઝને મુકી દેવી, તર્ક કરી દેવી.
(૩) ઉસ્તાદ, મુઅલ્લિમ, મુરશિદને હલકા ગિનવા, એહતેરામમાં ઓછપ લાવવી, ઝિલ્લતની નિગાહસી જોવા.
(૪) માઁ-બાવાજીની નાફરમાની કરવી, એમને તરછોડવા, એમના કહ્યા પર ના ચાલવું.
(૫) મૈયેત, જેનાઝહના નઝદીક મ્હોટા અવાઝે ગુફતગૂ કરવી, જમવું.
(૬) ઊભા રહીને ઇઝાર, પેન્ટ, લહેન્ગો, વગૈરહ પહેરવું.
(૭) અનાજ યા તેનાસી બનેલી ચીઝો, ખીચડી કે રોટલીને ઝમીન પર ફેંકી દેવું.
(૮) નિકાહ શુદા બૈરો સિવાય બીજા બૈરો સાથે નાજાઇઝ જિસ્માની તઅલ્લુકાત બાંધવા, ઝિના કરવી.
(૯) અલ્લાહતઆલાના હક્કોની અદાયેગીમાં આગલ-પાછલ કરવું, ઓછું-વધારે કરવું, આલસ રાખવી.
(૧૦) મહેમાનદારી અને પડોસપણામાં બેદરકારી રાખવી. મહેમાન-પડોસીને નારાઝ કરવા.
(૧૧) જૂઠ બોલવું, ગલત-સલત વાતો કરવી.
(૧૨) હાથ-મોં ને શર્ટ યા જુબ્બાની આસ્તીનસી સાફ કરવું. પાનીસી ધોયા સિવાય ભાયસી લૂછી લેવું.
(૧૩) રાતે નાંગા-ઉરયાન રહેવું અને બેશરમીના અમલ કરવા, યહાઁ તક કે ફજરમાં નહીં ઉઠવું.
(૧૪) માંકડીના જાલાને ઘરમાં રહેવા દેવા. ઘરના કોનાઓને ગંદા રાખવા.
(૧૫) ઘરની દાખિલી પર બેસીને - દહેલીઝ પર દાંત સાફ કરવા યા હાથ-મોં ધોવું.
(૧૬) ઘરમાં વાસનોને એઠા રાખી મુકવા.
(૧૭) ઔલાદને શિખામણ નહી આપવી. આઅલા અખ્લાક પર નહીં ચલાવવા, બહેતર તરબીયત નહીં દેવી.
(૧૮) જૂઠા કસમ ખાવા અને તેમાં બીજાને ઝાંસામાં નાખવા.
(૧૯) વુઝૂ કરતા કરતા બીજી વાતો કરવી. વુઝૂમાં ખલલ પડે તેવી ગુફતગૂ કરવી.
(૨૦) પૈશાબ-સંડાસ કરતા બોલવું યા સલામનો જવાબ આપવો.
(૨૧) લસન-પ્યાઝના છુલટાંને બાલવા યા ઘરમાં વાસ ફેલાવતી ચીઝોને બાલવી.
(૨૨) નમાઝ પઢી રહ્યા બાદ મસ્જિદસી જલ્દી બાહર નિકલી જાવું.
(૨૩) નમાઝ પહેલા યા પછી મસ્જિદમાં ગીબત કરવી, દુનિયાની યા વેપારની વાતો કરવી, મારી-તારી કરવી.
(૨૪) આટા યા કોઇ પણ જમવાની ચીઝસી હાથને ધોવું.
(૨૫) મુઠ્ઠી યા બાઝૂ પર અડીને યા તકીયો રાખીને બેસવું.
(૨૬) માઁ-બાવાજી યા પોતાના બૈરો ને એમના નામસી પુકારવા. ટુંકરે પુકારવા.
(૨૭) બદન પર પહેરેલા કપડાને તે જ હાલતમાં સિવવા યા પૈવંદ-કારી કરવી. કપડામાં કોઇ ચીઝ ટાંકવી યા ફાટેલી ચીઝને બરાબર કરવી.
(૨૮) ફકીર-મિસ્કીનસી રોટી યા જમન ખરીદ કરવું. યાઅની કે, જે લુકમાનો મોહતાજ હોય તેના પાસેસી જ લુકમો લઇ લેવો.

(બકીયહ પેજ નં. ૩ પર)

**જે શખ્સ રાઝની વાતને ખોલી દેશે, તો એના દોસ્તને ખોઇ દેશે.**

(પેજ નં. ૨ નું બાકી)

(૨૯) ફૂંક મારીને ચિરાગ-શમઅદાન-મીમબત્તીને ઓલવવી યા બુઝાવવી.

(૩૦) રાતમાં બાઝાર-મોહલ્લામાં આવારા ફિરવું. બેમાઅના ઓટલાઓ પર દોસ્તો સાથે વક્તને ઝાયેઅ કરવો.

(૩૧) પઢવાની-લિખવાની ચીઝને કદમના નીચે મુકવી. કલમને પગસી પકડવી. પૈસા-રોઝીને પગને નીચે દબાવવા.

(૩૨) તૂટેલી કાંસકીસી બાલને ઓઢવા, સઁવારવા યા દુરૂસ્ત કરવા.

(૩૩) લોટાના નાલકાસી યા તૂટેલા વાસન-ગ્લાસસી પાની પીવું.

(૩૪) તૂટેલી કલમસી લખવું યા જેનાસી હુરૂફ-લખાન બરાબર ના થાતું હોય તેને ઈસ્તેમાલ કરવું.

(૩૫) નાખુન-નખને દાંતોસી ખોતરવા, ચબાવવા યા કાટવા.

(૩૬) રસ્તામાં બુઝુર્ગ શખ્સસી આગલ નિકલી જાવું. વાહનને જલ્દીસી આગલ ચલાવી લેવું. ચાલવામાં ઉતાવલ કરવી.

(૩૭) રાતમાં ઘરને સાફ કરવું. ઝાડું-ઝટકન-પોતું સુવાના વક્ત પર કરવું.

(૩૮) રાતમાં આઈનામાં જોવું. યાઅની કે બાહર જાવાની તૈયારી કરવી.

(૩૯) દિન અને રાતમાં હદ કરતા ઝિયાદહ સુઇ રહેવું. મહેનતકશી સી નહીં પન આરામપસંદીસી ઝિંદગી ગુઝારવી.

(૪૦) જમવાના વક્ત સિવાય પણ દાંતોમાં લાકડીસી ખિલાલ કરા કરવું. દાંતોને હર વક્ત ખોતરા કરવું.

(૪૧) હદસી વધારે પૈસા ખર્ચ કરી દેવા. ૧૦ની આઅલા અને બહેતર ચીઝ મિલતી હોય, મગર ૫૦ નો ખર્ચ કરી દેવો.

(૪૨) ચોરી-દગાબાઝી-ધોકેબાઝી-બેવફાઇ કરીને કોઇ સીધે-સાદા શખ્સના દિલને દુખાવવું અને નુકસાન પહોંચાવવું.

(૪૩) ઊભા રહીને કોઇ ચીઝને કાપવી, મોલવી યા સાફ કરવી.

(૪૪) જમન, રોટલી, તરકારીને સુંઘવું.

(૪૫) ભીખ માંગવાની, સવાલ કરવાની, હોય તો પણ ફકીરી કરવાની આદત રાખવી.

(૪૬) નાચ-ગાન, સંગીત, ડ્રામા કે જે ઉરયાની અને બેશરમીની જગાઓ છે તેમાં જાવું.

(૪૭) કરાબતદાતરો-સગાઓ-રિશ્તેદારો-દોસ્તોથી તઅલ્લુકને કત્અ કરી દેવા, તોડી નાંખવા.

(૪૮) મુમેનીનની જમાઅત-ગિરોહ-અંજુમન-સમાજસી અલગ થઇ જાવું. જમાઅત અને સમાજમાં જાવું-આવવું મુકી દેવું. વાતચીતના વહેવારને છોડી દેવા.

(૪૯) રાતને વક્ત સાઇલ દર પર આવે તો એને ખાલી હાથે પાછો કાઢવો.

(૫૦) નશાવાલા-મુન્કર-મુસ્કિર ચીઝો જિમ કે તંબાકું, અફીમ, શરાબ, સિગારેટ, બીડી, ડ્રગ્સ વગૈરહનો ઓછો યા ઝિયાદહ ઈસ્તેમાલ કરવો. હુકક્કેબાઝી યા મોં માંસી ધુંવો ઉડાડવો.

(૫૧) દુનિયાની ખોટી ઝીનત-ઝાકઝમાલ-રમઝટ-સાઝો સામાન-માલો મતાઅની લાલચમાં આવીને, અંજઈને અંધા થઇ જાવું. એના હાસિલ કરવા પાછલ જ પોતાનો વક્ત ઝાયેઅ કરી દેવો. ✯

---

(પેજ નં. ૫ નું બાકી)

(૫) કયા કલામને ઇઝઝતનો તાજ કહેવાય છે ?

(૬) અલ્લાહતઆલાએ ઉમ્મતે મોહમ્મદીયહને કઇ ત્રણ ચીઝની મોહલત આપી છે ?

**જવાબો :** (૧) લોકોને બુરાઈના કામોથી રોકવા (૨) મૌલાના અલી (અ.સ.) (૩) મૌતના પર ઈમાન લાવવા તરફ (૪) ઈમામુઝઝમાન (૫) ખૈર કલામને (૬) ૧-તૌબા, ૨-મુઆફી, ૩-મગફેરત વાસ્તે દોઆ. ✯

**જે શખ્સને દૌલતનો ઘમંડ હશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો
### કિસ્ત - ૨૫

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન ૧૨ સુન્નતોમાંથી પાઁચમી સુન્નત લોગોને બુરાઇના કામોથી રોકવાની છે, બુરા અમલથી મનાઇ કરવાની છે. અલ્લાહતઆલા પોતાની કિતાબ ફુરકાને હકીમમાં ભાલાઈ અને બુરાઇ એમ બે ચીઝોમાં ફરક બતાવેલો છે. સાફ-સાફ ઝિક્ર છે કે, બંદો જો **ભલો અમલ** કરશે, તો તે એના નફસ વાસ્તે ફાયદામંદ છે, પાકીઝગી અને તરક્કી વાસ્તે ઝરૂરી છે, પણ જો એ **બુરો અમલ** કરશે જે એને કરવાનું ફરમાન જ નથી, તો તે એના નફસ વાસ્તે નુકસાનદેહ છે, ખિલાફ છે અને એની પસ્તી અને પડતી વાસ્તે કાફી છે.

અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ફરમાવે છે કે, હમારી મોહબ્બત, હસનત-ભલાઇ-ખૈર છે અને હમારી દુશ્મન, સૈયેઅત-બુરાઇ-શર છે. સાબિત થયું કે, બુરાઇ દુશ્મનીની બિના પર છે. જે શખ્સ બુરાઇ કરશે તેના માંથી મોહબ્બતનો જઝબો મિટી જાશે અને જો આમ થયું તો પત્થરમાં અને એનામાં કોઇ જ ફરક રહેશે નહીં. **મોહબ્બતે અહલે હક્ક સિવાય દિલ બેનૂર બની જાશે** અને જે ચીઝમાં નૂર જ ના રહ્યું હોય તેની પછી ઇઝ્ઝત અને કીમત કહાઁથી બાકી રહે !

બુરાઇથી મનાઇ કરવાની શરત એ છે કે, જે કોઇ શખ્સ પોતાના ભાઇને ખાનગીમાં, તન્હાઇમાં શિખામણ આપે, એને બરાબર સમઝાવે, ઐબ-કુસૂરથી આગાહ કરે, ભુલને સુધારવાને વાસ્તે રસ્તો બતાવે, તે જ ખરેખરી ખૈરખ્વાહી છે. એવું પણ બને છે કે, કોઇ શખ્સ એના ભાઇને કોઇ ખતા, ભુલ યા નાઇત્તેફાકીના સબબ બધા લોગોના દરમિયાન એને ઝલીલ કરવા, નીચા દેખાડવા, બેઆબરૂ કરવા શિખામણ આપે, મોટા આવાઝથી બોલે તો તે ખૈરખ્વાહી બિલકુલ નથી મગર એ ભાઇને ધમકી આપવામાં બરાબર ગિનાય.

આનાથી એ બિના ઝાહિર થાય છે કે, જે કોઇ પોતાના ભાઇને તન્હાઇ-એકાંતમાં સબક-શિખામણ આપે તો એના દિલમાં ખુશી દાખિલ કરવું ગિનાય અને જો ઝાહિરમાં, બીજાના નઝદીક આ મુજબ કરે તો તેને ખોટું લગાડવું યા બદકલામી કરવું કહેવાય. જે કોઇ પોતાના દિલબંદ ભાઇની ભલાઇ ચાહતો હોય અને એના ઐબ-ખોટને જાણતો હોય તો એના પર વાજિબ છે કે, ભાઇને ખાનગીમાં તે વાસ્તે કહે, શિખામણ આપે. આમ કરવાથી તેનો **અસર બરાબર, સાચો અને ગહેરો પડશે.** આ અમલમાં બે તરહના સવાબ છે. એક તો એ કે, પોતાના ભાઇના ઐબને છુપાવો અને બીજું એ કે તે ઐબને મિટાવવા વાસ્તે એને ધીમેથી, પ્યારા અલ્ફાઝથી ખિતાબ કરીને, સમઝાવીને શિખામણ આપી. આ છે ભલાઇ કરવાનો સહી તરીકો.

### ✷ કિસ્સો : મોહબ્બત અને મુઆફી

એક શખ્સ મુહિબ્બે અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) આપની ખિદમતમાં હાઝિર થયા. કહ્યું કે, "અય મૌલા ! આપથી ભલાઇની ઉમ્મીદ રાખું છું. મોહબ્બતનો તકાઝો એ છે કે, આપ મને બખ્શી દો." મૌલાએ ફરમાવું કે, "તમેં શું ચાહો છો ? હમેં સૈયેદુલ અબ્રાર છે. દુનિયાની હર ભલાઇના રસ્તા હમારા તરફ આવીને મિલે છે." મોહિબ્બ બોલા કે, "મને ઘણી શરમ આવે છે. કઇ ઝબાનથી હું આપને બયાન કરૂં. મૈં મોટો ગુનેહગાર છું. મૈં ચોરી કીધેલી છે. હવે, હું ઘણો જ નાદિમ છું. શરમિંદા છું. **મારા જિસ્મનો હર ઝર્રો મુઆફીનો તલબગાર છે.** મને આ ગુનાહથી આપ પાક કરો. મારા ઉપર હદ જારી કરો. મને સઝા ફરમાવો."


આપે એને ચંદ ચીઝો એવી કહી કે, જેનાથી એના વાસ્તે હદ-સઝા જારી ના થઇ શકે. ફલાઁ-ફલાઁ ચીઝ હોય તો જ મુજરિમ નો જુર્મ કુબૂલ કરી શકાય. મુહિબ્બ ઘણા જ માયૂસ-નાઉમ્મીદ થઇ ગયા. કહ્યું કે, "અય મૌલા ! આપ મને પરામી લો.

(બકીયહ પેજ નં. ૧૬ પર)

**જે શખ્સ બીજાને નીચા પાડવાની આદત રાખશે, તો એના દોસ્તને ખોઇ દેશે.**

## લફઝી કશ-મ-કશ

**✻ ઉભી તરકીબ :**



૧) અય મુમેનીન ! જો તમને ----- માંથી નૂર બનવું હોય, તો અલ-ખમ્સતુલ અત્હાર પંજતને પાક (અ.સ.) ની વલાયતો મોહબ્બતની રાહ અપનાવવી પડશે. (૨)

૨) તાઅલીમ-યાફતા શખ્સ પૂરી અદબ અને ----- રાખીને, સોચી-વિચારીને બોલશે. (૩)

૩) તમારૂં ----- કેમ ગવારા કરે કે, કોઇને વાઅદો આપો, હોય તેને પૂરો કરવાને બદલે બિલકુલ ખિલાફ કરો ! (૩)

૭) અલ્લાહતઆલા તેની તખ્લીકને પાકી-તહારત પર પૈદા કીધેલી છે. મગર મખ્લૂકે ખુદ પોતાના ગરઝ-મતલબ વાસ્તે તેમાં નાપાકી અને ------ ને પૈદા કીધી. (૨)

**✻ આડી તરકીબ :**


૨) કલામને બરાબર લખીને પઢશો, તેના મફહૂમને સમઝશો તો તેને તરન્નુમ અને ------ માં પઢવાનો મઝા આવશે. (૩)

૪) મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના ----- - મુહામી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અજલ્લે અસ્હાબ મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) હતા. (૨)

૫) ૧૧૧૦ હિ. માં સૈ. ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ને બદરી મોહલ્લા અને તેના આસપાસની જગાને હદીયો-તોહફો આપનાર શીઆએ મુખ્લિસ ------ મહેમૂદ હતા. (૨)

૬) આજે ૧૪૪૭ હિ. ની સાલ છે, મગર શરીઅતમાં કોઈ તબ્દીલી નથી. ઝૈર- ------ નો પણ ફરક આવો નથી. (૩)

**લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઇલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✮

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨ ૩મું સાલ છે. કારેઇનના ઇલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશ્મકશ ઇલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ૭ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઇલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) ૧૨ સુન્નતો માંથી પાંચમી સુન્નત કઈ છે ?

(૨) સિયાસતે હસનહની માઅના અને મકસદ બતાવનાર કૌન સાહેબ છે ?

(૩) અક્લની કમાલીયત કઇ ચીઝ તરફ લઇ જાય છે ?

(૪) અલ્લાહતઆલાના રિઝવાન કૌન છે ?

(બકીયહ પેજ નં. ૩ પર)

**જે શખ્સ વાઅદા-ખિલાફી કરશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## દીવાને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)
### કિસ્ત - ૨૪

**શેઅર :** બઅસલ્લઝી લા મિસલોહૂ ફીમા મઝા, યુદઆ બેરાઅફતેહિન નબીયા મોહંમદા.

**તરજુમો :** તે અલ્લાહતઆલાએ એવા શખ્સે ફાઝિલ અને ઈન્સાને કામિલને નબી બનાવીને મોકલા કે, આગલા ઝમાનોઓમાં એમના જેવું બીજું કોઇ થયું નથી. ઉમ્મત પર એમની શફકત એ મુજબની છે કે, તેના સબબ પૂરા જહાનમાં ઝિક્રને કાબિલ થયા. નબીયુલ્લાહ મોહંમદના નામથી એમને બાઇઝઝત પુકારવામાં આવા.

**તશ્રીહ :** મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) કે જે અલ્લાહતઆલાના મહેબૂબતરીન નબી છે અને અફઝલતરીન રસૂલ છે, એમના અખ્લાકે હમીદહ એમની ઈઝઝત છે અને એમના કલામે મુનીર એમની અઝમત છે. એમની ઝિક્રે ખૈર સલવાતના તૌર પર હર મખ્લૂકની ઝબાન પર છે. હરએક રસૂલ એમના દીન અને હિદાયતના મોહતાજ છે. અલ્લાહતઆલાની તૌહીદ અને તેના કુરઆનની આયતોની હરએક ગલીઓ એમના નઝદીક જઇને એક થાય છે.

આપની શફકત ઉમ્મતના લોગો પર એ તરહની છે કે, આપ તેઓ વાસ્તે રહેમત, શફાઅત અને મગફેરતનો તોહફો લઈને પધારા. આપના સબબ જ અલ્લાહતઆલાએ ઉમ્મતને તેઓના ગુનાહો વાસ્તે અઝાબમાં તાખીર કરી આપી. લોગોને મોહલત આપવામાં આવી કે, **તેઓ તૌબા કરે, મુઆફી માંગે અને મગફેરત વાસ્તે દોઆ કરે.** અલ્લાહતઆલાએ આપને એ ખાસીયતથી નવાઝા કે, "આપ બુરાઇ કરનાર સાથે ભલાઈથી પૈશ આવે, બદીના બદલામાં નૈકીનો રસ્તો અપનાવે, ઝુલ્મના સામે ખામોશ રહે યા તકીયો રાખીને પોતાની હકીકતને હિફાઝતમાં રાખે, રિશ્તો તોડનારને સાથે રિશ્તો બનાવવાની કોશિશ કરે અને જે કોઇ ચીઝને રોકીને રાખે એના વાસ્તે બહેતર સુલૂક કરે અને આપી દે." ઉમ્મતના લોગો જો આ ખાસીયતોને અપનાવી લે, તો ઝરૂર તેઓ શયતાનના નાપાક વસવસાઓથી દૂર થઈ જાય અને અલ્લાહતઆલાની પનાહમાં આવી જાય.

"નબી" ની માઅના એ છે કે, લોગોને તન્બીહ કરે, સચ્ચાઈથી આગાહ કરે. નબી સાહેબ હર વક્ત લોગોને ફરમાવતા કે, "તમેં આ દુનિયાને હમેશા રહેવાનું ઘર ના સમઝો. અલ્લાહતઆલાએ પોતાની પૈદાઈશો-ખિલકતને રમતબાઝીમાં, બેકાર કે બેમાઅના પૈદા નથી કીધી. ઈન્સાન યાઅની મખ્લૂકાતમાં અશરફ જે તમેં છો, એને મોહમિલ, બેમકસદ, બે-મુહાર પૈદા નથી કીધા. બલકે, પોતાની કુદરતને ઝાહિર કરવા વાસ્તે સઘલાને પૈદા કીધા છે. પૈદા કરીને પોતાની તાઅત, તેના નબીની તાઅત અને તે બાદ ઝમાનામાં જે હાઝિર સાહેબ નબીની આલે અત્હરમાંથી હોય, એમ આ ત્રણેની તાઅત લોગો પર મુકલ્લફ કરી દીધી છે. **ફરમૉંરવાઇની કુલફત અને આ ત્રણેના કહ્યા મુજબ જ કરવાનો હુક્મ સાદિર કરી દીધો છે.** આના સિવાય કોઈને છુટકો જ નથી."

"તાઅત" ના આ ઈમ્તેહાન માંથી જે કોઇ ખારિજ થાશે તો એ શિક્લથી ઈન્સાન તો લાગશે, મગર હકીકી ઈન્સાનની શનાખ્તથી એ હાથ ધોઇ બેસશે. જે શખ્સ આ ઈમ્તેહાનમાં કામિયાબ થાશે એ અલ્લાહતઆલાના રિઝવાન-ઈમામુઝઝમાન (અ.સ.) ને પહેચાની શકશે. અગર કોઇ એમ સમઝતું હોય કે, એની પૈદાઇશના પાછલ કોઇ દુનિયાવી ફાયદો હાસિલ થાશે યા કોઇ નુકસાનની ભરપાઇ થાશે, તો એમ બિલકુલ નથી. બલકે, આ ઝિંદગી અને મૌતનો ચક્કર તે વાસ્તે છે કે, અલ્લાહતઆલા તરફથી આવેલા સાહેબ એને **હિદાયતથી નવાઝે, સહીહ રસ્તે લગાવે, દિલના અંધાપાને દૂર કરે, અઝાબથી ડરાવે, આખેરત વાસ્તે તૈયાર કરે, અચ્છાઇના સબકો શિખાવે,** જેથી એ જન્નતુન્નઈમ તરફ પહોંચી જાય.

(બકીયહ પેજ નં. ૧૨ પર)

**જે શખ્સ દૈન-લોનને તેના વક્ત પર અદા નહીં કરે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## ૭ ને સાથે ૭

હિકમતના સાહેબો બયાન કરે છે કે, કોઈ પણ શખ્સ વાસ્તે આ ૭ ચીઝો ખૂબ જ અહેમીયત રાખે છે. તે છે અમલ, ઈલ્મ-નોલેજ, ખુશી, કલામ-ડાઈલોગ, વેપાર, દીન અને સિયાસત-પોલીટિક્સ. આ બધી જ ચીઝો ઈન્સાની ઝિંદગીને એક મુકમ્મલ શિક્લ આપે છે. શિક્લ ની વાત કરીએ તો તે તમામને પાસે હોય જ છે. ચંદ શિક્લો બાનૂર અને બેનઝીર હોય છે અને ચંદ શિક્લો બેનૂર અને બિગડેલી હોય છે. મઝકૂર ૭ ચીઝો સાથે જો બીજી ૭ ચીઝોને જોડી દેવામાં આવે, તો તેનો મકસદ ઔર ઝિયાદહ અયાઁ-બયાઁ થઈ જાય છે અને તેની શિક્લને સુધારી શકાય છે.

(૧) **અમલને સાથે મહેનત :** કોઈ પણ અમલ કરવા વાસ્તે તૈયારી ઝરૂરી છે. તૈયારી વાસ્તે મહેનત અને લગન દરકાર છે. જે કામની ઈમારત મહેનતની બુનિયાદ પર નહીં ઉભી હોય, તે શાયદ કે મઝબૂત નહીં રહે અને તેમાં તિરાડો આવી જાશે અને તે કામ પડી ભાંગશે. **મહેનત કામને મઝબૂતી આપે છે.** તેને કામિયાબીની રાહ પર લઈ જાય છે. “ઓનલાઈન” ના આજના વક્તમાં હમને ઓછી મહેનતે વધારે જોઈએ છે અને તેના સબબ હમારા કામ કાચા રહી જાય છે. આખિરમાં નુકસાન સિવાય બીજું કઈ હાથમાં આવતું નથી. જે મહેનતકશ હશે એ તજરૂબેકાર હશે અને જે તજરૂબેકાર હશે એ સોચી-વિચારીને કોઈ પણ કામ હાથમાં લેશે.

(૨) **ઇલ્મને સાથે અખ્લાક :** હાથમાં કિતાબ લઈને કે મોબાઈલના ઝરીએ યા સોશીયલ મીડીયાથી કોઈ ચીઝ વાંચી લીધી, જાણી લીધી, તો તે બહેતર અખ્લાકની સનદ બિલકુલ નથી આવતું. અખ્લાકે હમીદહની તસ્વીર તરબીયત, ઉછેર, સોહબત અને નસીહતના કલરોથી બને છે. ઈલ્મ આવા બાદ તેને કઈ જગા પર, કોને સામે, કેટલું, કયા લહેજામાં, કઈ શિક્લમાં વાપરવું તે અખ્લાક પર નિર્ભર હોય છે. નૈક અખ્લાકનો શખ્સ ભલેને કેટલું પણ ઈલ્મ રાખતો હોય, મગર એ હિકમતથી કામ લઈને, હાલાતને જાણીને, સામે શખ્સની ઝહેની તાકતને પરખીને, જેટલું જાઈતું હશે તેટલું જ ઈલ્મ સામેવાલાને આપશે. નૈક અખ્લાકનો શખ્સ ઈલ્મ આવવાથી ઔર ઝિયાદહ ઝુકશે, ના કે સરકશી કરીને તકબ્બુરીથી બીજાને ઝલીલ કરવાની કોશિશ કરશે ! **તકબ્બુરી ઇલ્મને મારી નાંખે છે.**

(૩) **ખુશીને સાથે ઝમીર :** ખુશી પણ એવી હોવી જોઈએ કે બરદાશ્ત થાય. ખુશી ત્રણ તરહની હોય છે : (૧) દેખાવની ખુશી (૨) પોતાના વાસ્તેની ખુશી અને (૩) બીજાને વાસ્તે ખુશી. દિલી, ઝમીર અને મન જેનાથી સુકૂનયાફતા થાય તે અસલ ખુશી છે. જિસ્મનો હર આઅઝા કોઈ કામ-અમલની કામિયાબીનું જશ્ન મનાવીને ખિલી ઉઠે, તે ખુશી આઅલા ખુશી છે. કોઈ ચીઝ અંજામ આપવામાં કોઈ પોતે ખુશ થાય તો તે બરાબર છે પણ જો એ તે જ અમલ બીજા વાસ્તે કરી ગુઝરે અને બીજાને પણ એ જ તરહની ખુશીનો એહસાસ કરાવે, તો તેનાથી એનું ઝમીર રોશન થાય, ઝિંદા થાય, તો તે ખુશી પોતાની ખુશી કરતા વધારે કરાર આપનારી થઈ જાય છે. એવી ખુશી, ખુશી છે જ નથી કે, **જેને ઝમીર-પાકીઝા મન ઠુકરાવી દે.** ખુશી-ખુશીમાં જો કોઈ તૈશમાં, તરબમાં, જોશમાં, નશામાં આવી જાય, તો તેને છાક અને તમાશો કહેવાય છે.

(૪) **કલામને સાથે સબર :** ખૈર કલામ ઈઝઝતનો તાજ કહેવાય છે અને શર કલામ ઝિલ્લતના કાંટાનો હાર કહેવાય છે. ડબ્બી પર ઢકકણ હોય તો ખબર ના પડે કે તેમાં શું છે ! મગર ઢક્કણ ખોલવાની સાથે જ માઅલૂમ થઈ જાય કે અંદર મુકેલી ચીજ કામની છે કે નથી. **આ જ તરહ મોં ની ડબ્બીમાં ઝબાન કૈદ છે.** જો કોઈ મોં બંધ રાખે તો ખબર ના પડે કે, અંદર જે ઝબાન છે તે કેવી છે. મોંનું ઢક્કણ જેમ જ ખુલે કે ફૌરન માઅલૂમ પડી જાય છે કે, ઝબાન મધ જેવી છે કે કડવા એલયા જેવી છે ! બોલવામાં સબર કરવો તે મોટામાં મોટી હુશિયારી છે. તાખીર થાય યાઅની બોલવામાં મોડું થાય તો (બકીયહ પેજ નં. ૯ પર)

**જે શખ્સ જૂઠી ગવાહી આપશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## અપની ઝબાન – કિસ્ત - ૯

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** વારૂં, ઊખલો, રમલ્લો, ડાચું, ઈતર-વિતર.

**નવા અલ્ફાઝ :**

- **ગપતિયો :** બગૈર કોઈ કામ આમતેમ ફિરા કરવું, વક્તને ઝાયેઅ કરવો.
  ઈસ્તેમાલ : ગપતિયો સું મારા કરેચ. કઈ ઢંગનું કામ સીખ.
- **ઝાંગડ, જખ્ખડ :** મઝબૂત, ભારી, તઅજ્જુબખૈઝ.
  ઈસ્તેમાલ : આ ભાઈ જખ્ખડ છે, એને કોઈના બોલવાસી કે ના બોલવાસી કોઈ જ ફરક પડતો નથી.
- **મઝ બદું :** વધારે પડતું, ઝિયાદહ મિકદારમાં.
  ઈસ્તેમાલ : લાવ ! પ્યાસ બઉં લાગીચ, મઝ બદું પાની પિરાવી દે.
- **નિવાલો :** કોલીયો, હાથની આંગલીઓ દરમિયાન જમનનો નાનો લુકમો.
  ઈસ્તેમાલ : બચ્ચાં ! તમેં આહિસ્તાસી જમો અને નાના-નાના નિવાલા લો. જિતલું તમારૂં પેટ તિતલા તમારા નિવાલા હોવા જોઈએ.
- **પલીદું :** હમારા ઘરોંમાં રાતના જમનમાં ખિચડી સાથે જે હમેં શુરબો-સરવો મિલાવીએ છે તે સૂપ યા કરી. હર સીઝનમાં મૌસમના મિઝાજ મુજબ મુખ્તલિફ ચીઝોથી પલીદું બનાવવામાં આવે છે.
  ઈસ્તેમાલ : અય બહેન ! રાતનું ખિચડીનું ખાવાનું તો તમારૂં કહેવાય વાહ ! જે રીતે તમેં પલીદું બનાવો છો, તેના કરતા તો કોઈ બીજી પોષ્ટીક વાનગી હોઈ જ ન શકે. ☆

**જે શખ્સ ખરાબ નઝરનો હશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

(પેજ નં. ૭ નું બાકી)

ચાલશે મગર તૌહીન-બીજાની બેઅદબી યા બેઈઝઝતી થાય તે નહીં ચાલે. બેસબરી અને ઉતાવલથી કલામ કરવામાં હમેશાની શરમિંદગી છે, નદામત છે. આજે ઝબાનથી કલામ નહીં મગર આંગલાઓથી મોબાઈલ પર ચેટ-મેસેજ-ઈમેલ-બ્લોગ-પોસ્ટ કરવાનો વક્ત છે. **હમેં ઝબાનને કમ કામમાં લઇએ છે અને સોશીયલ મીડીયાનો ઝિયાદહ યૂઝ કરીએ છે.** હમેં આઁખો અને આંગલાઓની ઝબાન ઈસ્તેમાલ કરીએ છે. કોઈનો મેસેજ આવવા પર હવે હમને સબર કરવાની આદત અપનાવવી જોઈએ. તરત રેસ્પોન્સ કરવાથી હમેં ગલતી કરી બેસીએ છે. સબર કરવાથી અને થોડો વક્ત ગુઝારવાથી હમેં સહી જવાબ આપી શકીએ છે.

(૫) **વેપાર સાથે ઇમાનદારી :** ઘર અને સંસાર ચલાવવા વાસ્તે હમારા પર વેપાર-ધંધો-જોબ-મુલાઝેમત-બિઝનેસ-ટ્રેડીંગ કરવું લાઝિમ બની જાય છે. હમારી મુમિનપણાની ઈમાની ઝિંદગી ઘર-સંસાર અને વેપારને આવરી લે છે, ઘેરી લે છે. ઈમાનના હાથની પહોંચ હમારી હયાત અને મૌત, બેવે પહેલૂ તરફ છે. હમારી હયાત-ઝિંદગી કસ્બે હલાલ-વેપાર બગૈર ચાલી શકે એમ નથી. **ઘરના ગુઝર-બસર વાસ્તે કોઇ શુગ્લ હોવું સેહતમંદી વાસ્તે ફાયદાકુન છે.** ઈમાનની શરતો જેમ અમલના બહેતર અંજામ વાસ્તે લાગૂ કરવામાં આવે છે, તેમ બહેતર વેપાર વાસ્તે પણ એ જ નુસ્ખો છે. પ્રોડક્ટ, પેમેન્ટ, સર્વિસ, ક્વોલિટી અને એતેમાદ, વેપારની મઝબૂતીમાં અહમ કિરદાર અદા કરે છે. વેપાર નફા પર નહીં પણ ગુડવિલ પર ચાલે છે. ધોકેબાઝી અને ચોરીથી કીધેલો વેપાર લંબો ચાલતો નથી, બરકતવાલો રહેતો નથી અને આલ-ઔલાદમાં તે ફિત્નો પૈદા કરે છે.

(૬) **દીન સાથે કુરબાની :** હમેં કેટલા ખુશ-કિસ્મત છે કે, હમારૂં હક્કનું દીન, પાકીઝા મઝહબ અને કામિલ શરીઅતને બચાવવા વાસ્તે, તેની હિફાઝત કરવા સેંકડો અંબિયા, ઔલિયા, ઈમામો અને દોઆતે જેહાદ કરીને પોતાની ઝાતને ઘસીને, મુસીબતો ઉચકીને, જાનને કુરબાન કરી દીધી છે. આ કુરબાનીઓના સબબ આજે હમેં મુમેનીન રાહે હક્ક પર ગુઝરી રહ્યા છે. આ હિન્દની પાક ઝમીનમાં હમારા વાસ્તે **અમ્નો સુકૂન અને ફલાહો બહેબૂદીનો** વક્ત છે. હમારા ઔલિયા-બુઝુર્ગોએ ઘણો નાઝુક વક્ત જોએલો છે. દુશ્મનાને દીન તરફથી આપવામાં આવતી ઈઝા-તકલીફોને બરદાશ્ત કરીને પોતાના ઈમાન, આઅમાલ અને ઘરબારને સાચવેલું છે. અલ્લાહતઆલાનો લાખ-લાખ શુક્ર હમેં અદા કરીએ કે, આજે હમેં હમારા તહેવારોને, ખુશી-ગમીના અવસરોને, સમાજી ફંકશનોને બેરોકટોક બરપા કરી શકીએ છે. હમારા દોઆતે કિરામનું હમારા ઉપર અહેસાન છે કે, હમેં વડોદરા શહેરમાં સલામત અને અમાનમાં છે. આ ઝમીન હમારી તરક્કી ની શાહિદ છે. તેનો એક જ સબબ છે કે, ૨૯માં હમારા શહીદે મુનીર સૈ.અલી શમ્સુદ્દીન બિન સૈ.ઈબ્રાહીમ બિન સૈ.શૈખ આદમ સફીયુદ્દીન સાહેબ (આ.કુ.) ની શહાદતની બરકત અને ફૈઝ હમેં અલવી મુમેનીનના સરોં પર છે અને તેનાથી જ હમારા નઝદીક હિદાયતના સરચશ્મા જારી થયેલા છે. હમેં દીનદારોં વાસ્તે આ હમારા અલી મૌલાની **આઅલા, અઝીમ, શાનદાર અને યાદગાર કુરબાની અને જાઁફિશાની છે.**

(૭) **સિયાસત સાથે ઊસૂલ :** સિયાસત-પોલીટિક્સ બે તરહની હોય છે. (૧) દાખિલી-ઘરને અંદર. (૨) ખારિજી-ઘરને બાહર. સિયાસતે હસનહની માઅના અને મકસદ બતાવનાર, એ હમારા મુશ્કિલકુશા મૌ.અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) છે. આપે દુનિયાવાલાઓને સહી સિયાસત અને તેના ઊસૂલની માઅરેફત કરાવી. સિયાસત યાઅની કોઈ શખ્સ પોતાની પહોંચ, તાકત, હુશિયારી, ઈલ્મ, ઓલખાણ, હુકૂમતના ઝરીએ આમ લોગો વાસ્તે ફલાહો બહેબૂદી,

(બકીયહ પેજ નં. ૧ ૨ પર)

**જે શખ્સ બદકલામી કરશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૮

લોગોમાં અકલમંદી વાસ્તે બીજી એક રિવાયત આ તરહથી આવેલી છે કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એમ ફરમાવે છે કે, અસ્હાબમાંથી કેટલાક મરદોને મૈં દરયાફત કીધું કે, અય મારા અસ્હાબ ! તમેં મને એ બતાવો કે, લોગોમાંથી તમામ કરતા ઝિયાદહ અક્લમંદ કૌન ? સઘલાએ અરઝ કીધી કે, “હમારી શું કૂવત કે હમેં આપને કઈ કહીએ ! અલ્લાહ અને અલ્લાહના રસૂલને ઝિયાદહ ઈલ્મ છે કે, કૌન ઝિયાદહ અક્લમંદ છે ! નબી સાહેબે ફરમાવું કે, લોગોમાંથી તમામ કરતા ઝિયાદહ અકલમંદ એ છે કે, જે મૌતને વધારેમાં વધારે યાદ કરે અને તે વાસ્તે ઝિયાદહમાં ઝિયાદહ તૈયારી કરે. ઈન્સાનમાં અક્લને પુખ્તા થાવાની ઊંચામાં ઊંચી નિશાની તે છે કે, **મૌતની તેઝ ધાર પર ઊભી રહીને ખૂબ જ સાચવીને ચાલે.**

અક્લ અને મૌત ઈન્સાની કમાલીયત અને હસ્તીના બે રૌશન રૂખ છે. ઈન્સાની તખ્લીકમાં અલ્લાહતઆલાએ અક્લને તમામ કરતા આઅલા, અફઝલ અને અવ્વલ બનાવેલી છે. અક્લથી જ ઈન્સાને બીજી મખ્લૂકાત પર ફઝીલત અને રૂત્બો હાસિલ કીધેલો છે. તેના બગૈર ઈન્સાન અને જાનવરમાં કોઈ ફરક બાકી રહેતો નથી. અક્લના સબબ ઈન્સાન એના આઅમાલનો જવાબદેહ છે અને એક મોટી ઝિમ્મેદારીથી પોતાની ઝિંદગીને ગુઝારવાની કોશિશ કરે છે. એ ચાહે છે કે, એની અક્લ-ફહેમથી એ પોતાની ઝિંદગીના હર એક ફેસલા લે જેથી હર કામ એક મકસદ પર ઊભેલું હોય અને તેના નતીજાથી એને ફાયદો પહોંચતો હોય. જો અગર એ અક્લને આગલ રાખશે તો એના આઅમાલ સલામત રહેશે.

અક્લની પુખ્તગી સાથે આઅમાલની કામિયાબી જોડાયેલી છે. બંદો એક ઈન્સાન હોવાની હૈસીયતથી કોઈ પણ અમલ કરે તો પહેલા ગૌરો ફિકર, વિચાર અને પાકી નિય્યત કરે છે. આ તમામ ચીઝો અક્લના સહીહો સાલિમ હોવાનો સુબૂત છે. સોચવાના અમલમાં ગહેરામાં ગહેરી ફિકર એ છે કે, એ સોચે કે એનો વુજૂદ શું છે ?
એની ઈબ્તેદા અને ઈન્તેહા શું છે ?
એ ક્યાંથી આવેલો છે અને ક્યાં જશે ?
એના દુનિયામાં આવવાનો મકસદ શું છે ?
એની વિલાદત અને એની મૌત પાછલની હિકમત શું છે ?

ઈન્સાનની અક્લની રફતાર અને તાઝગી તે વક્ત વધે છે કે, જે વક્ત એ એના વુજૂદ અને એને ફના કરનારી મૌત વાસ્તે ફિકર કરે છે. એના ઝહેનમાં એવી વાત પૈદા થાય છે કે, મારા દુનિયામાં આવવા પહેલા હું કઈ જગા પર હતો ? કઈ હાલતમાં હતો ? કેવો હતો ? કોને સાથે હતો ? કેટલા વક્ત વાસ્તે હતો ? વગૈરહ. આ સવાલો સાથે બીજી તરફની કૈફીયતના સવાલો પણ ઝરૂર એના દિમાગમાં ઉભરી આવે છે કે, મૌત શું કામ આવે છે ?
એ કઈ તરહ આવ છે ?
કૌન લાવે છે ?
એની કૈફીયત કેવી છે ?
શું તે કોઈ ચીઝ છે ?
(બકીયહ પેજ નં. ૧૨ પર)

**જે શખ્સ બેશરમીથી બીજાના ઘરમાં વક્ત ગુઝારશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## " તમને અને મને ના પહેચાના "

### કિસ્ત - ૪

રસૂલુલ્લાહ બાવાજીએ વલીયુલ્લાહ માઁ ને ફરમાવું કે, "અય ભાઈ અલી ! બયતુલ ખલા (સંડાસ) ની ૧ ૨ અદબો છે, જે કોઈ શખ્સ આ ૧ ૨ અદબોને ના જાણે, તો એં મને અને તમને ના પહેચાના. હર કોઈ જે મુમિન હોય એને આ ૧ ૨ અદબોના ઝાહિર અને બાતિનનું જાણવું વાજિબ છે."

આ કલામે નબવીથી હમને માઅલૂમ થાય છે કે, જે કોઈ શીઅયાને અલી હોય અને એ આ ૧ ૨ અદબોને ફરામોશ કરે, તે મુજબ અમલ ના કરે તો એં નબી અને વસી બેવે ને ના પહેચાના.

**અદબ ૧૦ :** જો પાની મિલવાની કોઈ ગુંજાઈશ ના હોય તો તેની જગા પર ખડાવ લે. ઈંટ યા કપડાના ટુકડાથી પૈશાબ સંડાસના મખ્રજોને લૂછી નાંખે. જે વક્ત આ અમલ કરે તો એકીમાં કરે, બેકીમાં ના કરે. યાઅની કે, ખડાવ એક લે યા ત્રણ લે યા પાઁચ લે. બે,ચાર કે છો વાર ના લે.

**ખડાવ " એક "** ની માઅના એ છે કે, તૌહીદ-વહેદાનીયતના ઈમાન-ઈલ્મને મુકી દે. અલ્લાહતઆલાની ઝાતે સુબ્હાનીયહમાં બીજાને શરીક કરી દે. મુશ્રિક બનીને અલ્લાહ પર ઐબ લગાવે જે એના ઈમાનને પાડી નાંખે. બંદામાં શિર્ક બારીકાઈથી છુપેલું હોય છે. એને ખુદ ખબર હોતી નથી કે, એનો ક્યો અમલ શિર્કવાલો છે, જહાઁ તક એ સાહેબે હક્કથી હિદાયતને તલબ ના કરે. **શિર્ક ઘણો જ મોટો ગુનાહ છે.** તેને તૌહીદે રબ્બાનીની મારેફતથી દૂર કરી શકાય છે.

**" ત્રણ " વાર ખડાવની** માઅના એ છે કે, મુમિનનો ખરાબમાં ખરાબ દુશ્મન એના અંદર બેસેલો છે. તે ત્રણ દુશ્મનો કુફ્ર, શક અને નિફાક છે. હક્ક વાતને છુપાવવી યા ઈન્કાર કરવો તે કુફ્ર છે. વારંવાર હર ચીઝમાં શક-વહેમ પૈદા થાવો કે, જે ભરોસા અને યકીનને તોડી નાંખે છે. ઝબાન અને દિલમાં જુદાઈ હોવી, નિય્યત અને અમલમાં ફરક હોવો, વાઅદો કરવામાં અને તેને નિભાવવા કમ્ઝોરી હોવી, તે નિફાક છે. કાફિર શખ્સ હક્કથી મૂઁહને ફિરાવી દેશે, શકીયલ શખ્સ હર ચીઝમાં નુક્સ-ઐબ જોશે અને મુનાફિક શખ્સ કહેશે કંઈ અને પછી કરશે કંઈ. ત્રણ ખડાવની ઝિક્ર તે છે કે, આ ત્રણે દુશ્મનોથી અલ્લાહ અને અલ્લાહના રસૂલ મુમિનને નજાતથી ખાસ કરી શકે છે.

**" પાઁચ " વાર ખડાવની** માઅના એ છે કે, અલ્લાહતઆલાએ મુમિનને બે હાથ આપેલા છે. આ હાથોથી એ અમલ બજા લાવે છે. જમણો હાથ મુબારક છે અને ડાબો હાથ ગૈર-મુબારક છે. ખૈર કામની શુરૂઆત જમણેથી જ થાય છે. બેવે હાથમાં દસ આંગલાઓ છે. પાઁચ ખૈર તરફ છે અને પાઁચ શર તરફ છે. જમણા હાથના પાઁચ આંગલાઓથી મુમિન જમણ જમે છે અને શુક્રે ખુદા કરે છે. આના બર-અક્સ ડાબા હાથથી મુમિન નજાસતને સાફ કરે છે અને શયતાનથી દૂર રહેવાની અલ્લાહતઆલાની હઝરતે સુબ્હાનીયહથી પનાહ માંગે છે. ખરો હાથ પાઁચ આંગલીઓથી જિસ્મમાં જમણ દાખિલ કરે છે અને જે વક્ત તેનાથી જિસ્મને બરાબર તાકત મિલી જાય છે અને તેના માંથી નિકલેલો કચરો જિસ્મમાં જમાઅ થાય છે, તો તે કચરાને જલ્દીથી બાહર કાઢવાની જિસ્મ કોશિશ કરે છે.

જમણની તાકત તે જમણો હાથે છે અને જમણનો કચરો તે ડાબો હાથ છે. **તાકત તે ખૈર છે અને કચરો તે શર છે.** આ જ તરહ જમણો હાથ ડાબા હાથ પર હાવી હોય છે, તાકતવર હોય છે. જે વક્ત આ કચરો નજાસત બનીને જિસ્મ બાહર ફેંકે છે, તો તે ગંદકીથી પાકીઝગી હાસિલ કરવા ડાબા હાથનો ઈસ્તેમાલ થાય છે. તે બાદ ડાબા હાથને પણ પાક કરવામાં આવે છે. આ તમામ ચીઝમાં પાઁચ આંગલીઓનો ઈસ્તેમાલ થાય છે. પાઁચ વાર ખડાવથી આ પાઁચે આંગલીઓથી પૈદા થાનાર શર-ખરાબી-નાપાકીને દૂર કરી દેવું છે. ☆

**જે શખ્સનો ગુસ્સો સાતમા આસ્માને ચઢેલો હશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

(પેજ નં. ૯ નું બાકી)

તરક્કી, તાઅલીમી અને તિજારતી અસ્બાબ અને રસ્તાઓ ખોલી આપવા કે, જેથી તમામ એકબીજા સાથે મિલીને તે ઝમીન-મુલ્કથી વફાદાર રહીને, મોહબ્બત સાથે, ખભેથી ખભા મિલાવીને, એકબીજા સાથે વેપાર કરીને, ખુશી-ગમીમાં સાથ આપીને **એક ઇત્મિનાનબખ્શ અને પુરઇખ્લાસ સમાજની તાઅમીર કરી શકાય.**

આજના હાલાત ખૂબ જ પરૈશાનકુન, તકલીફદેહ અને ફિત્ના-આવર છે. સિયાસતના નામ પર અવામની આઝાદગી, જાનોમાલની સલામતી, અખ્લાક, સમાજી હમદર્દી અને બાહમી મોહબ્બત, તિજારતી તરક્કી આહિસ્તા-આહિસ્તા મિટતી જાય છે. અવામનો ફાયદો ઓછો પણ ખુદના ફાયદા વાસ્તે સિયાસી લોગો બેરોકટોક કરોડોની માલ-મિલ્કત, રિયલ એસ્ટેટ, સોનું, શેર બજાર, બીજા મુલ્કોમાં રોકાણ વગૈરહ ઊભા કરી રહ્યા છે. હવે સિયાસતમાં ખૂનામરકીં, લૂંટ-ઘસોંટ, મારપીટ, ચોરી-ચબારી, ધાક-ધમકી, વાઅદા ખિલાફી અને બેરહેમી વધતી જાય છે અને તેને સબબ **અવામની પીઠ ચૂર-ચૂર થાતી જાય છે.** તેમાં કોઈ ઊસૂલ હવે બાકી રહ્યો નથી. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

તે જિસ્મો જાનને કઇ તરહ અલગ કરી દે છે ?

તેના બાદ જિસ્મનું શું થાશે ?

જાન કહાઁ જાશે ?

કઈ તરહ તે જાન મહેફૂઝ રહેશે ?

શું મૌત જ જાનને પાછો તેના જિસ્મમાં લાવશે ? વગૈરહ.

અક્લવાલો શખ્સ જાણી લે છે કે, **આ ઝિંદગી પહેલા પણ મૌત હતી અને ઝિંદગી બાદ પણ મૌત છે.** ઝિંદગી અને મૌત આ આલમે દુનિયાની હકીકત છે. અક્લની કમાલીયત મૌત પર ઈમાન લાવવા તરફ લઇ જાય છે. અક્લવાલો મુમિન એની મૌતને નેઅમત ગિને છે. એ જાણે છે કે, મૌતથી જ એને નવી ઝિંદગી મિલશે અને એના દરજાત બલંદ થાશે. મૌતથી જ એના આઅમાલની જઝા મિલશે અને બીજા આવનાર લોગો એની મિસાલ પર ઝિંદગી ગુઝારશે. મૌત એને એની મંઝિલ તરફ લઇ જાશે અને જે વક્ત દુનિયામાં દોબારહ એનો વુજૂદ થાશે તો ઔર રૌશન અને આઅલા ઈમાન સાથે થાશે. ✯

---

(પેજ નં. ૬ નું બાકી)

આ જન્નતુન્નઈમ બકાનું ઘર છે. ઈન્સાનની દુનિયામાં પૈદાઇશ “ફના” થાવા વાસ્તે નથી, મગર રસૂલુલ્લાહ બાવાજીના દીને હક્ક પર ચાલીને “બકા” વાસ્તે છે. શરીઅતે મોહંમદીયહમાં હિકમત છે, રમત નથી. હરએક તેના પહેલૂ બામકસદ છે, બેમકસદ નથી. ફના થાનારી ચીઝો બેમકસદ બની જાય છે. બાકી રહેનારી ચીઝોમાં મકસદ પણ બાકી રહે છે. રસૂલુલ્લાહ બાવાજી આપના મુમિનની બકા વાસ્તે પધારા છે. બાકી તમામ લોગો ફના થઈ જાશે, જહાઁ તક કે, અલ્લાહતઆલાની “ **તાઅત** ” ના ફરમાનનું પાલન નહીં કરે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝિક્ર અને હિદાયત આપની આલના ઈમામે હક્કથી બાકી છે, ઝિંદા છે. એ જ મુજબ ઈમામે હક્કમાં ઈમાન રાખનાર લોગોની જમાઅત બાકી છે. મૌત તો એક ઘરથી બીજા ઘર તરફ મુન્તકલ થાવાનો ઝરીઓ છે. લાફાની જન્નત અને દાઈમી જહન્નમ એમ બે રસ્તાઓ તેનાથી ખુલે છે. નબી સાહેબના પડખે રહીને મુમિન કામિયાબી સાથે અને ખુશી-ખુશી દુનિયાવી દારૂલ અમલને છોડીને આખેરતના દારૂલ જઝા તરફ કૂચ કરી જાય છે. ✯

**જે શખ્સની દોસ્તી ગરઝ-મતલબવાલી હશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

## માઁ ફાતેમતુઝ ઝહરા (અ.સ.)
### પુરગમ મરસીયા

મહેરે સિપરે ઈઝ્ઝો શરાફત હે ફાતેમા,
શરહે કિતાબ ઈસમતો ઈફ્ફત હે ફાતેમા,
મિફતાહે બાબે ગુલશને જન્નત હે ફાતેમા,
નુરે ખુદાઓ આયએ રહેમત હે ફાતેમા,
રૂત્બે મે વો ઝનાને દો આલમ કા ફખ્ર હે,
હવ્વા કા ઈફતેખાર હે મરિયમ કા ફખ્ર હે.
વો ફાતેમા કે છાએ સરાપા ખુદા કા નૂર,
પરવાના જિસકે ચહરએ અકદસ કા શમ્એ તૂર,
ગર હૂર ઈસ કો કહીએ તો હે અક્લ કા કુસૂર,
ઈસ કે કદમ કી ખાક હે સૂરમા બરાયે હૂર,
કિસ કો મિલા યે રૂત્બએ આઅલા જહાન મેં,
ભેજી ખુદાને આયએ તત્હીર શાન મેં.
ઈસ્મત-સરામેં રોતે ગયે શાહે લાફતા,
એક દમ કે બાદ આયે ખુશી પૈશે મુસ્તફા,
પૂછા સબબ નબી ને ખુશી કા તો યે કહા,
સોતી થી ઘર મે ફાતેમા જિસ વક્ત મૈં ગયા,
ખાદિમ ભી કોઈ થા ના મેરે નૂરે ઐન કા,
પર હિલ રહા થા આપ સે ઝૂલા હુસૈન કા.
કહને લગે યે સુન કે રસૂલે ફલક જનાબ,
રોઝે સે આજ ફાતેમા હે યા અબૂ તુરાબ,
થી ચક્કી પીસને કી તને ઝાર મે ના તાબ,
ચાહા યે કિબરીયા ને કે આ જાયે ઈસ કો ખ્વાબ,
ગાફિલ કિયા બતૂલ કો રાહત કે વાસ્તે,
ભિજવા દિયા ફરીશ્તો કો ખિદમત કે વાસ્તે.
ઉઠ કર ગયે બતૂલ કે ઘર સરવરે ઝમન,
દેખા કે ફાતેમા મે નહીં તાકતે સુખન,
આઁખો મેં હલ્કે પડ ગયે હે ઝર્દ હે બદન,
મુરઝા ગયા હે સુરતે ગુલ ચહરએ હુસન,
ફાકોં સે પાક ફાતેમા કા શીર ખુશ્ક થા,
ઝૂલે મેં દુધ બિન લબે બેશીર ખુશ્ક થા.
સુન કર સખુન યે રોને લગે સરવરે ઉમમ,
ગોદી મેં ફિર નવાસે કો લેકર યે દર્દો ગમ,
કી યે દુઆ રસૂલે ખુદાને બચશ્મે નમ,
અય રાઝિકુલ એબાદ તું બચ્ચો પે કર રહમ,
આસૂદગી હે સારે ઝમાને કે વાસ્તે,
આલે રસૂલ રોતે હે ખાને કે વાસ્તે.
ઝહરા હે તેરી ખાસ કનીઝો મેં ઈન્તેખાબ,
તેરે કરમ સે કાસિમે રોઝી હે બૂતુરાબ,
દોનો કો પર હે દૌલતે દુનિયા સે ઈજતેનાબ,
ઝહરા કા હાલ દેખને કી અબ નહીં હે તાબ,
સદમે અજીબ ગુઝરેં હૈં ઈસ બા તમીઝ પર,
ફાકે હે તીન રોઝ સે તેરી કનીઝ પર.
હઝરત કા યે ના ખત્મ હુવા થા અભી કલામ,
મૌજૂદ એક તબક હુવા ફિર ખુલ્દ કા તઆમ,
ખુશ્બૂ વો થી કે જિસ સે મોઅત્તર હુવા મકામ,
આઈ સદાએ ગૈબ કે અય સૈયદે અનામ,
રૂત્બા યે કબ થા મરિયમો હવ્વા કે વાસ્તે,
ખાના યે હમને ભેજા હે ઝહરા કે વાસ્તે.
જિસ પર કિબરીયા કી ઈનાયત હે, યે કરમ,
ઉસ પર કલીલ ઉમ્ર મે ક્યા ક્યા હુવે સિતમ,
દુનિયા સે કૂચ કર ગયે જબ સરવરે ઉમમ,
ઉસ ફાકાકશ પા તૂટ પડા કોહે દરદો ગમ,
મહેબૂબે કિબરીયા સા પિદર સર સે ઉઠ ગયા,
સાયા થા જિસ કા સર પા વહી સર સે ઉઠ ગયા.
હઝરત કે ખાલી હુજરે મેં દિન ભર ગુઝારતી,
બિસ્તર કે ગિર્દ આપ કો ફિર ફિર કે વારતી,
તકીયો પા મલતી આંખોં કો ઔર દાઢેં મારતી,
બૂએ પિદર જો આતી તો રો રો પૂકારતી,
લાઉં કહાઁ સે આહ દો આલમ કે શાહ કો,
સૂએ ઝમીં મે છોડ કે ઉસ ખ્વાબગાહ કો.

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**જે શખ્સ કોઈ પણ કામ પોતાની જ ખુશી વાસ્તે કરશે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

ફરિયાદ કી કભી કભી છાતી પા મારા હાથ,
ગર બાત કી તો શફકતે ખૈરૂલ વરા કી બાત,
ગમ થા યહી કે સર પા નહીં શાહે કાએનાત,
ઝહરા જિયે જહાઁ સે પયમ્બર કી હો વફાત,
દુનિયા કે દરદો ગમ સે છૂડાતે નહીં મુઝે,
પાસ અપને બાબાજાન બૂલાતે નહીં મુઝે.
યે બૈન કર કે ખોલ દિયા ફાતેમા ને સર,
હાથોં સે પીટને લગી છાતી બાચશ્મે તર,
મસ્જિદ કે કાંપને લગે દિવારો બામો દર,
જુંબિશ મેં આ ગઈ લહદે સૈયદુલ બશર,
રિક્કત હુઇ ના ઝબ્ત જો ઇસ દિલ ફિગાર સે,
નિકલે નબી કે દસ્તે મુબારક મઝાર સે.
કબરે રસૂલે પાક સે ફિર આઇ યે સદા,
ઝહરા કો ક્યોં સતાતે હો ઇસને કિયા હે ક્યા,
પહેચાના સબ ને હાથ ઔર આવાઝે મુસ્તફા,
આસાર હશ્ર કે હુએ આલમ મેં ગુલ પડા,
ગરદૂ પા સુન કે હશ્ર કે શોરો નુશૂર કો,
નઝદીક થા કે ફૂંકે સરાફીલ સૂર કો.
ઇસ રોઝ સે બતૂલ કી હાલત હુઇ તબાહ,
રોતી થી અપને હુજરે મેં પહેરોં બઅશ્કો આહ,
હસરત સે મૂઁહ પા બચ્ચો કે કરતી કભી નિગાહ,
કહેતી કભી અલી સે કે અય ઝયગમે ઇલાહ,
કરતી હે મૌત કત્અ સખુન ઇશ્તેયાક કે,
અય્યામે વસ્લ ગુઝરે દિન આયે ફિરાક કે.
હર દમ મુઝે ગશ આતા હે યા શાહે બહરોબર,
ઝૈનબ અભી સે રોતી હે મૂઁહ ઢાંપ ઢાંપ કર,
હોતા હે ઇસ કે હાલ પા ટૂકડે મેરા જિગર,
યે મેરી લાડલી મેરે ગમ મે ના જાયે મર,
મુઝ કો દુઆએં જીને કી પાસ આકે દેતી હે,
હર દમ બલાએં નન્હેં સે હાથોં સે લેતી હે.
શબ કો મુઝે ઉઠાઇઓ યા શાહે લાફતા,
દેખે ના દુશ્મનોમેં જનાઝા કોઇ મેરા,
બેઝાર અહલે ઝુલ્મ સે હે બિન્તે મુસ્તફા,
ભૂલી નહીં મૈં જિસને મુઝે દર્દ હે દિયા,
મોહસિન કે ખૂં કી દાદ ના જબ તક મૈં પાઉંગી,
પૈશે ખુદા મૈં અર્શ કા પાયા હિલાઉંગી.
મસ્જિદ મેં મુરતઝા ગયે રોતે પએ નમાઝ,
યાં ફાતેમા ને હક્ક સે કહા અપને દિલકા રાઝ,
અય ખાલિકે ઝમીનો ઝમાં રબ્બે બેનિયાઝ,
મૈ હું તેરી કનીઝ તું આલમ કા કારસાઝ,
મકબૂલ યે દુઆ મેરી ઇસ આન કીજીયો,
મુશ્કિલ ફિરાશે કબ્ર કી આસાન કીજીયો.
બેટી તેરે રસૂલકી હું મૈં જિગર ફિગાર,
ઝૌજા હું ઇસ કી બખ્શી જિસે તૂંને ઝુલ્ફિકાર,
ફરઝંદ વો દિયે કે કિયા જિન કો તુંને પ્યાર,
સબ કુછ દિયા, તું દે મુઝે ઇતના ભી ઇખ્તેયાર,
મહેશર મેં ઉઠ કે કબ્ર સે જબ આયે ફાતેમા,
ચાહે જિસે બહિશ્ત મેં લે જાયે ફાતેમા.
યે સુન કે આબ દીદા હુએ શાહે મશ્રકૈન,
ઇતને મેં આયે મુઝતરો હૈરાં હસન હુસૈન,
માદર કે મૂઁહ કો દેખ કે રોયેં બશૌરો શૈન,
કહને લગી અલી સે યે અહમદ કી નૂરે ઐન,
મહેમાં કોઇ ઘડી કી મોહંમદ કી પ્યારી હે,
બહેલાઓ તુમ ઇન્હે કે મુઝે દમ-શુમારી હે.
બોલે અલી યે બેટોં કો છાતી લગા લગા,
તુમ જાઓ સુએ રૌઝએ મહેબૂબે કિબરીયા,
વાં નન્હે નન્હે હાથ ઉઠા કર કરો દુઆ,
તા રહેમ ફાતેમા કે કરે હાલ પે ખુદા,
ભેજા ઉન્હે ઉધર જો વસીયે રસૂલ ને,
હુજરે કે દર કો બંદ કિયા યાં બતૂલ ને.

(બકીયહ પેજ નં.૧૫ પર)

**જે શખ્સ બીજાને મદદ કરવાનો જઝબો નહીં રાખે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

યે કેહ કે ચુપ હુઇ જો વો મખદૂમએ ઝમાં,
ઝૈનબ યે બોલી ફિઝ્ઝા સે બાચશમ ખૂંફિશા,
કુછ કહતે કહતે હો ગઇ ખામોશ અમ્મા જાઁ,
આઇ સદાએ અહમદે મુખ્તાર નાગહાઁ,
છોડા જહાને ફાની કો બિન્તે રસૂલને,
સફ માતમી બિછાઓ કઝા કી બતૂલને.
ઝૈનબ ને સુનકે નાના કી આવાઝે દર્દનાક,
ખોલા જો દર તો દેખા સિધારી બતૂલે પાક,
મૂઁહ પીટા છાતી કુટી કિયા પૈરહન કો ચાક,
ફિઝ્ઝાને બૈન યે કીયે સરપર ઉડા કે ખાક,
શહઝાદી મેરી હાયે જહાઁ સે ગુઝર ગઇ,
ફિઝ્ઝા ના ફાતેમા કી બલા લે કે મર ગઇ.
ઇતને મેં આયે ફાતેમા ઝહરા કે નૌનિહાલ,
આઁખો મેં અશ્ક ગર્દ ભરે ગેસુઓ કે બાલ,
મૂઁહ દેખ એક-એક કા બોલે બસદ મલાલ,
ક્યા ગશ ફિર આ ગયા અભી અમ્મા કા ક્યા હે હાલ,
ઝૈનબ પૂકારી કહેર હુવા નંગે સર કરો,
બાબા કો માઁ કે મરને કી જાકર ખબર કરો.
બેંટો કો સાથ લેકર ઇમામે ફકલ જનાબ,
આયે હરમસરા મેં જો બાદીદએ પુર આબ,
ઝહરા કો મુરદા દેખ કે દિલ હો ગયા કબાબ,
મૂઁહ સે રિદા ઉઠ કે યે રો રો કિયા ખિતાબ,
બીબી અલી કો છોડ કે દારે ખરાબ મેં,
આખિર ગઇ રસૂલે ખુદા કી જનાબ મેં.
અબ કૌન લેગા શબ્બરો શબ્બીર કી ખબર,
છોટે સે સિન મેં હો ગયે બેકસ મેરે પિસર,
ક્યા કેહ કે દેવે હાયે તસલ્લી ઉન્હે પિદર,
અફસોસ હે કે હો ગયા વીરાં અલી કા ઘર,
જીતેં હૈં કબ જો હિજર કે સદમે ઉઠાતેં હૈં,
હમ ભી તુમ્હારે પાસ કુછ હી દિન મેં આતેં હૈં.
સુન કર ખુદા કે શેર સે પુરદર્દ યે બયાઁ,
બરપા થા હશ્ર ખાનએ ઝહરા કે દરમિયાં,
થા હાલ દુખ્તરાને અલી યે કે અલ-અમાં,
મૂઁહ પીટતીથી બેટીયાઁ બાનાલઓ કુંગા,
મુરદે સે માઁ કે દોનો પિસર લિપટે જાતે થે,
હૈદર હટા હટા ઉન્હેં છાતી લગાતે થે.
માતમ મેં ગુઝરી બિન્તે નબી કે જો આધી રાત,
મૈયત કો દે કે ગુસ્લો કફન શાહે ખુશ સિફાત,
ઘર સે જનાઝા લે ચલે બેટોં કે લેકે સાથ,
ઝૈનબ પુકારી માર કે છાતી પા દોનો હાથ,
ક્યા હે જો બેટીયોં સે ભી મૂઁહ મોડે જાતી હો,
અમ્મા અકેલે ઘરમેં હમેં છોડે જાતી હો.
અબ આગે દફને ફાતેમા કા ક્યા સુનાઉ હાલ,
કાગઝ હે સીના રૈશ કલમ કી ઝબાઁ હે લાલ,
ગર દિલ મેં તેરે મરસીયા ગોઇ કા હે ખયાલ,
બસ અય અનીસ હૈદરે સફદર સે કર સવાલ,
ઝહને સલીમ અપને કરમ સે અતા કરો,
યા મુરતઝા અલી મેરી હાજિત રવા કરો. ✯

---

**જે શખ્સ બદ્દીન થઈ ગયો હોય,**
**તો એના દોસ્તને ખોઈ દેશે.**

**જે શખ્સ નાની-નાની વાતો પર ઝઘડો કરે,**
**તો એના દોસ્તને ખોઈ દેશે.**

**જે શખ્સ હિસાબ-કિતાબમાં ચોખ્ખો નહીં રહે,**
**તો એના દોસ્તને ખોઈ દેશે.**


## તિજારત

**મકાન વેચવાનું છે :**

**સરનામું :** બ્લોક એ-૧૦૧, પહેલા માળે,
ગુલિસ્તાન એપાર્ટમેન્ટ, આજવા રોડ, વડોદરા.

**નુરૂદ્દીનભાઇ ખસવાલા**
**મો.: ૯૯૩૦૧૭૭૨૦૭**

**મકાન જોવા માટે :**
**હસનૈન ખસવાલા - મો.: ૯૩૭૬૨૨૪૮૬૨**


**જે શખ્સ દોસ્ત સાથે એના જેવો નહીં બેસે, તો એના દોસ્તને ખોઈ દેશે.**

(પેજ નં. ૪ નું બાકી)

આપનો જે હુકમ હશે તે હું સરે તસ્લીમ કરીશ. મૈં જે જુર્મ કીધો છે તેનો એક વક્ત નહીં પણ વારંવાર, જેટલી વાર આપ મને કુબૂલ કરવાનું કહો, હું તે કરવા તૈયાર છું." આમ કહીને મુહિબ્બે ત્રણ મરતબા પોતાના ગુનાહનો ઈકરાર કીધો. આપ મૌલાએ એના ચંદ આંગલા કત્અ કરવાનું ફરમાન કીધું.

ફરમાને અલવી મુજબ અમલ થયો અને મુહિબ્બે ખુશી-ખુશી સઝાને કુબૂલ કીધી. કપાયેલા આંગલાનો સદમો, દર્દ અને ઝખ્મ તો એક તરફ રહી ગયો, મગર પોતાના જુર્મની સઝા એ ઉચકી અને એનો ગુનાહ મુઆફ થયો, તેની એના દિલમાં એ મુજબ ફરહત દાખિલ થઈ કે, રસ્તામાં, હર ગલી-કૂચામાં આપની મદહો સના કરીને ચાલવા લાગો. એની ઝબાન પર આપ મૌલા વાસ્તે શુક્રગુઝારી સિવાય બીજા કોઈ જ કલામ ન હતા. અસ્હાબ તરફથી આપને મુહિબ્બની આ કૈફીયતના અખ્બાર મિલા. આપે તઅજ્જુબખેઝ થઈને એને આપના બૈતે શરફ પર બોલાવા અને ફરમાવું કે, **"અય મારા ભલા મુમિન ! આ તમને શું થઇ ગયું છે કે, મૈં તમારા વાસ્તે સઝા જારી કરાવી અને તમેં હર જગા મારી જ તાઅરીફો તૌસીફ કરતા ફિરો છો !"**

મુહિબ્બે કહ્યું કે, "અય મારા મૌલા ! આપે તો મારા ગુનાહની મને સઝા કરીને મને તેનાથી પાક કરી દીધો છે. મને જુર્મથી આઝાદ કરી દીધો છે. હવે મને અલ્લાહતઆલાના અઝાબનો કોઈ ખૌફ નથી. આપે જે મારા સાથે ભલાઈ કીધી છે તેના બાદ મને રાહતે દુનિયાની કોઈ હાજિત નથી. આના કરતા શું કોઈ બીજો સબબ હોય શકે કે, મૈં આપની મદહ ના કરૂં. અરે ! આપની મોહબ્બત તો મારા ગોશ્તના ઝર્રા-ઝર્રામાં, ખૂનના કતરા-કતરામાં વસેલી છે. આ મદહો સના આપની મોહબ્બતનો અસર છે. મારા ગુનાહ વાસ્તે મારા આંગલાઓ કત્અ થયા, મને કઈ જ હરજ નથી. જો મારા બદનના બંદ-બંદ આપ જુદા કરી દો તો પણ આપની મોહબ્બત મારા દિલથી નહીં જાય. મોહબ્બત અને મુઆફીના માલિક આપ છો."

મૌલા અલી (અ.સ.) એ ફરમાવું કે, **"અગર મુમિનના નાક પર મૈં તલવાર મુકીને હઝાર ઝખ્મ લગાવી દઉં અને કહું કે, તું મારી અદાવત કર, તો એ હર હાલમાં નહીં કરે. મુનાફિકને સોના-ચાંદીના પહાડ આપીને કહું કે, તું મારી મોહબ્બત કર, તો એ હર હાલમાં નહીં કરે. "** ✯

**જે શખ્સ ગમી-આફતમાં શરીક નહીં થાય, તો એના દોસ્તને ખોઈ દેશે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.